પેજ 3

## કાન્સમાં આલિયાનો 'કેનવાસ' લૂક



મુંબઈ, તા. 12: ચાલુ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાંથી આલિયા ભટ્ટનો પ્રથમ લૂક સામે આવ્યો છે અને તે સમર ડ્રીમ જેવી લાગી રહી છે. તે અભિનેત્રી 12 મેના રોજ 'હોટેલ માર્ટિનેઝ' ખાતે એક અદ્ભુત હેન્ડ-પેન્ટેડ ગાઉનમાં જોવા મળી હતી, જેમાં ફ્રેન્ચ રિવેરાનાં સુંદર દૃશ્યો દર્શાવવામાં આવ્યાં હતાં. તેણીએ પોતાની વેશભૂષા દ્વારા ફ્રેન્ચ રિવેરા પ્રત્યે આદર વ્યક્ત કર્યો હતો. ફ્રેન્ચ રિવેરા એ ભૂમધ્ય સમુદ્રનો એક અત્યંત વૈભવી કિનારો છે જ્યાં દર વર્ષે 'કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ' યોજાય છે અને ફેશન તથા ફિલ્મી દુનિયાની મોટી ક્ષણો જોવા મળે છે. ફેશન સ્ટાઈલિશ રિયા કપૂરે આ ડ્રેસ માટે ડિઝાઇનર યશ પાટીલ અને અમદાવાદના મુરલ આર્ટિસ્ટ બાસુરી ચોકસી સાથે મળીને આ લૂક તૈયાર કર્યો હતો.

## મૌની રોય-સૂરજ નાંબિયાર વચ્ચે ખટરાગ? ઇન્સ્ટા પરથી એકબીજાની બાદબાકી



મુંબઈ, તા. 12: અભિનેત્રી મૌની રોય અને તેના પતિ સૂરજ નાંબિયાર વચ્ચે અણબનાવની અફવાઓ વહેતી થયા બાદ સમગ્ર મંગળવાર દરમિયાન સોશિયલ મીડિયા પર લોકો 'ફુલ ડિટેક્ટિવ મોડ'માં જોવા મળ્યા હતા. આ ચર્ચાઓ સવારથી શરૂ થઈ હતી જ્યારે ચાહકોએ નોંધ્યું કે આ કપલે ઇન્સ્ટાગ્રામ પર એકબીજાને અનફોલો કરી દીધા છે. સાંજ સુધીમાં જ્યારે યુઝર્સે ધ્યાન દોર્યું કે સૂરજનું ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ ડિલીટ થઈ ગયું હોય તેવું લાગે છે ત્યારે આ ચર્ચા વધુ તેજ બની હતી. આ અટકળોમાં વધુ ઉમેરો કરતાં ચાહકોએ એ પણ જોયું કે, મૌનીની ઇન્સ્ટાગ્રામ પ્રોફાઇલ પર હાલમાં સૂરજનો એક પણ ફોટો, જેમાં તેમના લગ્નના ફોટા પણ સામેલ છે, તે દેખાતા નથી. અત્યાર સુધી મૌની કે સૂરજ તરફથી આ અફવાઓ પર કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી.

## જેક્લીન ફર્નાન્ડીઝે સરકારી સાક્ષી બનવાની અરજી પાછી ખેંચી



નવી દિલ્હી, તા. 12: બોલિવૂડ એક્ટ્રેસ જેક્લીન ફર્નાન્ડીઝે મંગળવારે દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાંથી પોતાની એ અરજી પાછી ખેંચી લીધી છે, જેમાં તેણે 200 કરોડ રૂપિયાના મની લોન્ડરિંગ કેસમાં સરકારી સાક્ષી બનવાની માંગ કરી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ તેની આ અરજીનો સખત વિરોધ કર્યો હતો. તપાસ એજન્સીનું કહેવું છે કે, જેક્લીન આ કેસમાં કોઈ પીડિત નથી, પરંતુ આ ગુનાની મુખ્ય લાભાર્થી રહી છે. સોમવારે ઈડીએ કોર્ટમાં પોતાનો જવાબ દાખલ કર્યો હતો. તપાસ એજન્સીએ જણાવ્યું હતું કે, આ કેસમાં જેક્લીનની ભૂમિકા બહુ નાની નથી. તેણે મની લોન્ડરિંગ દ્વારા એકત્રિત કરવામાં આવેલાં નાણાંનો લાભ ઉઠાવ્યો છે. ઈડીએ દલીલ કરી હતી કે, જેક્લીનને સરકારી સાક્ષી બનાવવી એ ન્યાય સાથે રમત ગણાશે. કારણ કે, તેણે ગંભીર ગુના કર્યા છે. એજન્સીએ તેની અરજીને કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગ ગણાવી હતી.

## મહાભારત પણ નાનું લાગે: સંજય કપૂરની મિલકતના વિવાદમાં સુપ્રીમ કોર્ટની ટિપ્પણી



નવી દિલ્હી, તા. 12: સ્વર્ગસ્થ ઉદ્યોગપતિ સંજય કપૂરની મિલકતને લઈને વકરી રહેલા વિવાદમાં મંગળવારે સુપ્રીમ કોર્ટમાં નાટકીય દૃશ્યો જોવાં મળ્યાં હતાં. 80 વર્ષીય રાણી કપૂર દ્વારા પ્રિયા સચદેવ કપૂર અને પરિવારના અન્ય સભ્યો વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી નવી અરજીની સુનાવણી દરમિયાન જસ્ટિસ જે.બી. પારડીવાલાએ એવી ટિપ્પણી કરી હતી કે, "આપણે એક એવા અખાડામાં આવી ગયા છીએ જ્યાં મહાભારત પણ ઘણું નાનું લાગશે." અદાલતને જણાવવામાં આવ્યું હતું કે, વિવાદિત મિલકત સાથે સંકળાયેલી સૂચિત બોર્ડ મીટિંગનો હેતુ પરિવારના આર્થિક સામ્રાજ્ય પરના નિયંત્રણમાં ફેરફાર કરવાનો હતો, જ્યારે સુપ્રીમ કોર્ટ દ્વારા આદેશ આપવામાં આવેલી મધ્યસ્થતાની કાર્યવાહી હજી ચાલુ છે. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ ઉજ્જલ ભુયાનની ખંડપીઠે આ મામલાની સુનાવણી 14 મેના રોજ નક્કી કરી છે.

# કેબિનેટમાં બળવો છતાં બ્રિટિશ વડાપ્રધાન સ્ટારમર મક્કમ

**સ્થાનિક** સ્વરાજ્યની ચૂંટણીઓમાં લેબર પાર્ટીના નબળા દેખાવ પછી સ્ટારમર પદ છોડે તેવી કેટલાક પ્રધાનોની માગ

**સ્ટારમર** કહે છે કે દેશ આપણી પાસે શાસનની અપેક્ષા રાખે છે, પડકારનાર સાંસદોની સંખ્યા ૨૦ ટકા નથી

લંડન, તા. ૧૨(PTI): બ્રિટિશ વડાપ્રધાન કીયર સ્ટારમર મંગળવારે તેમની પોતાની જ પાર્ટીમાં ઉઠેલા બળવા વચ્ચે પોતાની ખુરશી બચાવવા માટે મેદાને આવ્યા છે. તેમના જ



કેટલાક મંત્રીઓ હવે માંગ કરી રહ્યા છે કે તેઓ નેતૃત્વ પરિવર્તન માટે ચોક્કસ સમયમર્યાદા નક્કી કરે.

લેબર પાર્ટીના નેતૃત્વ હેઠળ સ્થાનિક ચૂંટણીઓમાં થયેલા અત્યંત ખરાબ પ્રદર્શન બાદ, ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ ખાતે મળેલી કેબિનેટની મહત્વની બેઠક દરમિયાન સ્ટારમર મક્કમ રહ્યા હતા.

તેમણે પોતાની ટીમને જણાવ્યું હતું કે તેમનો ઈરાદો શાસન ચાલુ રાખવાનો છે. એક જુનિયર હાઉસિંગ મંત્રી મિઆટ્ટા ફાનબુલેહના રાજીનામા છતાં, સ્ટારમર અડગ હતા કે લેબર લીડરને પડકારવા માટે જરૂરી ૨૦ ટકા સાંસદોની સંખ્યા હજુ સુધી મળી નથી.

સ્ટારમરે તેમની કેબિનેટને કહ્યું, ગઈકાલે મેં કહ્યું હતું તેમ, આ ચૂંટણી પરિણામોની જવાબદારી હું લઉં છું, અને અમે જે પરિવર્તનનું વચન આપ્યું હતું તે પૂરું કરવાની જવાબદારી પણ મારી છે. છેલ્લા ૪૮ કલાક સરકાર માટે અસ્થિર રહ્યા છે અને તેની વાસ્તવિક આર્થિક કિંમત દેશ અને પરિવારોએ ચૂકવવી પડે છે. લેબર પાર્ટીમાં નેતાને પડકારવાની એક પ્રક્રિયા છે અને તે પ્રક્રિયા હજુ શરૂ થઈ નથી. દેશ આપણી પાસેથી શાસન ચલાવવાની અપેક્ષા રાખે છે. હું તે જ કરી રહ્યો છું અને કેબિનેટ તરીકે આપણે તે જ કરવું જોઈએ.

# પત્નીની કારકિર્દીની મહત્વાકાંક્ષા ક્રૂરતા ગણાય નહીં: સુપ્રીમ કોર્ટ

**લશ્કરી** અધિકારીની ડેન્ટિસ્ટ પત્નીએ ક્લિનિક ચલાવવાને બદલે પતિના પોસ્ટિંગના સ્થળે જ રહેવું જોઇએ એવા ફેમિલી કોર્ટના ચુકાદાની સુપ્રીમ કોર્ટે સખત ઝાટકણી કાઢી

**ગુજરાત** હાઇકોર્ટે પણ ફેમિલી કોર્ટના આ ચુકાદાને માન્ય રાખ્યો હતો

નવી દિલ્હી, તા. ૧૨(PTI): એક મહત્વપૂર્ણ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે મંગળવારે ઠેરવ્યું છે કે, એક શિક્ષિત સ્ત્રી દ્વારા પોતાની કારકિર્દી આગળ ધપાવવાના અને તેના બાળક માટે સ્થિર અને સુરક્ષિત વાતાવરણ સુનિશ્ચિત કરવાના નિર્ણયને ક્રૂરતા અથવા ત્યજી દેવાનું કૃત્ય તરીકે ગણાવી શકાય નહીં.

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે, એક સ્ત્રી દ્વારા ડેન્ટિસ્ટ તરીકેની પોતાની વ્યાવસાયિક કારકિર્દી ચાલુ રાખવાના પ્રયાસને ફેમિલી કોર્ટ દ્વારા ક્રૂરતા અને ત્યજી દેવાનું કૃત્ય ગણવું એ એક સામંતી અભિગમ હતો. ફેમિલી કોર્ટના આ નિર્ણયને ગુજરાત હાઈકોર્ટે પણ માન્ય રાખ્યો હતો.

જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની ખંડપીઠે નીચલી અદાલતોના આ પછાત તારણોને રદબાતલ ઠેરવ્યા અને કહ્યું કે પત્નીની વ્યાવસાયિક ઓળખ એ પતિના ગર્ભિત વીટોને આધીન નથી.

# અમેરિકાના એક ટાઉનના મેયરે ચીની એજન્ટ હોવાની કબૂલાત કરીને રાજીનામુ આપ્યું

**કેલિફોર્નિયાના** આર્કેડિયા શહેરના ચીની મૂળના મેયર આઇલીન વાંગ આવતા સપ્તાહે કોર્ટમાં ગુનો સ્વીકારી શકે

**વાંગ** અમેરિકામાં ચીન વતી પ્રચાર અભિયાન ચલાવતા હતા, દસ વર્ષની સજા થઇ શકે

**તેમને** સાથ આપનાર તેમના અગાઉના મંગેતરને ચાર વર્ષની જેલની સજા થઇ છે





### વાંગે શું કબૂલાત કરી છે?

તેમના પ્લી એગ્રીમેન્ટ (ગુનાની કબૂલાત માટેનો કરાર) મુજબ, 2020 ના અંતથી 2022 સુધી, વાંગ અને સને ચીની સરકારના અધિકારીઓના નિર્દેશ અને નિયંત્રણ હેઠળ બેઇજિંગના હિતોને આગળ વધારવા માટે કામ કર્યું હતું, જેમાં અમેરિકામાં ચીન તરફી પ્રચાર કરવાનો સમાવેશ થાય છે. વાંગ અને તેમના મંગેતર સન 'યુએસ ન્યૂઝ સેન્ટર' નામની વેબસાઇટ ચલાવતા હતા, જે સ્થાનિક ચીની અમેરિકન સમુદાય માટે સમાચાર સ્રોત હોવાનો દાવો કરતી હતી. આ જોડીએ વેબસાઇટ પર ચીન તરફી સામગ્રી પોસ્ટ કરવા માટે ચીની સરકારી અધિકારીઓ પાસેથી નિર્દેશો મેળવ્યા હતા અને તેનો અમલ કર્યો હતો. વાંગે પોતાની કબૂલાતમાં સ્વીકાર્યું છે કે તેમણે એટર્ની જનરલને જાણ કરી ન હતી કે તેઓ અમેરિકામાં ચીનના એજન્ટ તરીકે કામ કરી રહ્યા છે. તેમણે પોતાની વેબસાઇટ પર એ વાતનો પણ ખુલાસો કર્યો ન હતો કે તેની કેટલીક સામગ્રી ચીની સરકારના સભ્યોના કહેવા પર પોસ્ટ કરવામાં આવી હતી.

વોશિંગ્ટન, 12 મે (PTI): અમેરિકાના ન્યાય વિભાગે જણાવ્યું છે કે, કેલિફોર્નિયાના આર્કેડિયા શહેરના મેયર ચીનના ગેરકાયદેસર એજન્ટ તરીકે કામ કરવા બદલ પોતાનો ગુનો સ્વીકારવા સંમત થયા છે. આઈલીન વાંગે આર્કેડિયાના મેયર પદેથી રાજીનામું આપી દીધું છે અને આગામી અઠવાડિયામાં લોસ એન્જલસની ફેડરલ કોર્ટમાં તેઓ પોતાનો ગુનો સ્વીકારે તેવી શક્યતા છે. ફેડરલ પ્રોસિક્યુટર્સે સોમવારે જાહેરાત કરી હતી કે, 58 વર્ષીય વાંગ અને તેમના તત્કાલીન મંગેતર યાઓનિંગ 'માઈક' સન પર ચીની સરકારના અધિકારીઓના કહેવા પર અમેરિકામાં ચીન તરફી પ્રચાર કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. 65 વર્ષીય સન ગયા વર્ષે ઓક્ટોબરમાં ફેડરલ કોર્ટમાં ગુનો સ્વીકાર્યા બાદ હાલ ચાર વર્ષની જેલની સજા કાપી રહ્યા છે.

સંબંધિત ફાઈલિંગ મુજબ, વાંગ આ ગંભીર ગુના માટે દોષિત ઠરવા સંમત થયા છે, જેમાં મહત્તમ 10 વર્ષની જેલની સજાની જોગવાઈ છે. વાંગ નવેમ્બર 2022 માં આર્કેડિયા સિટી કાઉન્સિલમાં ચૂંટાયા હતા, જે પાંચ સભ્યોની ગવર્નિંગ બોડી છે અને તેમાંથી વારાફરતી મેયરની પસંદગી કરવામાં આવે છે. કેલિફોર્નિયાના સેન્ટ્રલ ડિસ્ટ્રિક્ટ માટેના ફર્સ્ટ આસિસ્ટન્ટ યુએસ એટર્ની બિલ એસાઈલીએ જણાવ્યું હતું કે, આપણા દેશમાં જે વ્યક્તિઓ વિદેશી સરકારોના ઈશારે ગુપ્ત રીતે કામ કરે છે તેઓ આપણી લોકશાહીને નુકસાન પહોંચાડે છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, આ કરાર આપણી સંસ્થાઓને ભ્રષ્ટ કરવાના ચીનના પ્રયાસો સામે વતનની રક્ષા કરવાના અમારા સંકલ્પની નવીનતમ સફળતા છે.

એફબીઆઈ (FBI) ના કાઉન્ટર ઈન્ટેલિજન્સ એન્ડ એસ્પિઓનેજ ડિવિઝનના આસિસ્ટન્ટ ડાયરેક્ટર રોમન રોઝાવસ્કીએ જણાવ્યું હતું કે, પોતાની કબૂલાત મુજબ, આઈલીન વાંગે ગુપ્ત રીતે ચીની સરકારના હિતો માટે કામ કર્યું હતું. આ એક સ્પષ્ટ ચેતવણી છે: જે વ્યક્તિઓ આપણી લોકશાહીને પ્રભાવિત કરવા માટે વિદેશી સરકારો વતી કામ કરશે, તેમને ઓળખી કાઢવામાં આવશે, તપાસ કરવામાં આવશે અને ન્યાયના કઠેડામાં લાવવામાં આવશે.

## ચેન્નાઈ-અબુ ધાબી ફ્લાઈટ 'ટેક્નિકલ ખામી'ના કારણે પરત ફરી

ચેન્નાઈ, તા. 12 (PTI): ઈતિહાદ એરવેઝની ચેન્નાઈ-અબુ ધાબી ફ્લાઈટ મંગળવારે ટેક્નિકલ ખામીના કારણે પરત ફરી હતી અને ત્યાં કોઈ આગ લાગી નહોતી. એમ એરલાઇને જણાવ્યું હતું. એરલાઇનનું આ નિવેદન ચેન્નાઈ એરપોર્ટના અધિકારીઓને ટાંકીને આવેલા અહેવાલો પછી આવ્યું છે, જેમાં કહેવામાં આવ્યું હતું કે, ફ્લાઈટની ડાબી પાંખમાં આગ લાગી હતી. એરલાઇને એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "ચેન્નાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ (એમએએ)થી ઝાયેદ ઈન્ટરનેશનલ એરપોર્ટ (એયુએચ) જતી ઈતિહાદ એરવેઝની ફ્લાઈટ ઈવાય343, ટેક્નિકલ ખામીના કારણે પ્રસ્થાન પહેલા ગેટ પર પરત ફરી હતી અને ત્યાર બાદ મુસાફરોને નીચે ઉતારવામાં આવ્યા હતા." "ફ્લાઈટ હાલમાં તેના નિર્ધારિત સમય કરતાં આશરે ત્રણ કલાક મોડી ઉપડવાની અપેક્ષા છે." નિવેદનમાં જણાવાયું છે કે, ચેન્નાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ (એમએએ)ના સુરક્ષા પ્રોટોકોલના આધારે, સાવચેતીના પગલા તરીકે ઈમરજન્સી સેવાઓ સક્રિય કરવામાં આવી હતી.

એરલાઇને જણાવ્યું હતું કે, "અમે થયેલી અસુવિધા બદલ દિલગીર છીએ અને અમારી ટીમો મુસાફરોને તેમની આગળની મુસાફરીમાં મદદ કરી રહી છે."

